# કોઇનો ચાંદલો કોઇ લખાવે



આપણે કોના લગ્નમાં ને જમણવારમાં જવાના છીએ’ તેની કેટલીક વાર આપણને ખબર પડે તે પહેલાં તો આપણા અમુક સગાંસંબંધી અને લાગતાવળગતાઓને ખબર પડી જાય અને તેઓ બરાબર મોકાનો લાભ ઉઠાવે છે. આપણે કોઈને ત્યાં લગ્નમાં ગયા હોઈએ અને આપણા ફોનની રીંગ વાગે, ‘‘હલ્લો, હરુભાઈ તમે ત્રિકમભાઈને ત્યાં લગ્નમાં છો ને!’’ આપણે કહીએ, ‘‘હા’’ એટલે આપણી મજાનો મુરબ્બો કરી નાખતા તે મુરબ્બી બોલે, ‘‘તો મારું એક નાનકડું કામ કરશો?’’ એ દયાળુ આપણા જેવા નાના માણસને નાનકડું કામ જ સોંપે. મોટા કામ તો તે જાતે કરી નાખે. આમ તો તે બધાને કામ સોંપી જ દેતા હોય છે એટલે તેમના ભાગે કામ સોંપવા સિવાય બીજું કોઈ કામ રહેતું નથી અને તેમણે સોંપેલું નાનકડું કામ હાથ પર લઈએ ત્યારે જ ખબર પડે કે આ કામ તો પહાડને બાથ ભરવા જેવડું છે પણ પછી તો સાપે છછુંદર ગળી જેવો ઘાટ થાય. ના પણ ન પડાય અને કામ પણ ન થાય. જાયે તો જાયે કહાં? આમ તેઓ આપણને કહે કે મારું એક નાનકડું કામ કરશો? આપણે કહીએ, ‘‘હા, બોલો ને’’ એટલે મુરબ્બી કહે, ‘‘તો ત્રિકમભાઈને ત્યાં લગ્નમાં મારા વતી રૂપિયા 1500નો ચાંદલો લખાવી દેજો ને. હું તમને કાલે પૈસા પહોંચાડી દઈશ.’’

આમ રોકાણ આપણે કરીએ અને શેર તેને મળે એના જેવું. રૂપિયા આપણે આપીએ અને ચોપડે નામ તેનું ચડે. આમ ત્રિકમભાઈને ત્યાં સાવ મફતમાં ચાંદલો લખાવે. એ ચાંદલો લખાવે ત્રિકમભાઈને અને થાય આપણને પણ આપણે લખાવ્યા વગર એ છૂટકો નહીં. આવો 1500નો ચાંદલો લખાવ્યા પછી તે પાછો આવતો નથી અથવા તો દીકરાના દીકરાના લગ્ન લેવાય ત્યારે તે ચાંદલો આવે. આમ એ ચાંદલો આપણા માટે કાયમી ધોરણે યાદગાર બની રહે અને તેઓ સાવ ભૂલી જાય. એને તો બસ વનમાં ચાંદલિયો ઊગ્યો જેવું લાગે. લગ્નગાળામાં સહેજે આપણા માથે આવા 4-5 ચાંદલા ચડી જાય. પછી તો આકાશમાં પૂનમનો ચાંદ જોઈએ તો પણ એ ચાંદલો જ યાદ આવે. પછી મથામણ એ હોય કે એમની પાસેથી ચાંદલો માંગવો કેમ? આખા વર્ષ દરમિયાન તે મુરબ્બીની આપણી સાથે 4-5 વાર મુલાકાત થઈ જાય. આપણે તેને વિષયાભિમુખ કરવા માટે લગ્નની વાત છેડીએ ને ગમે તેમ કરીને છેક ચાંદલા સુધી ખેંચી જઈએ તો પણ તેઓ ચાંદલાને યાદ જ ન કરે. ઊલટાના એ તો ક્રાંતિકારી વિચારો વ્યક્ત કરતા બોલે, ‘‘લગ્નમાં આ ચાંદલા પ્રથા સદંતર નાબૂદ કરી દેવી જોઈએ. ક્યાં સુધી આવા અઢારમી સદીના કુરિવાજોને પકડી રાખશુ?’’ આવું બોલે ત્યારે ચાંદલો ખરેખર આપણને કુરિવાજ લાગે અને કહેવાનું મન થાય કે ચાંદલા પ્રથાની સાથોસાથ બીજા દ્વારા ચાંદલો લખાવવાનો કુરિવાજ પણ વહેલી તકે નાબૂદ કરવો જોઈએ. તો બીજા ઘણા ચાંદલાથી દાઝતા બચી જાય કારણ કે ચંદ્ર પર ગયેલું મંગળયાન પાછું આવી શકે છે પણ બીજા વતી લખાવેલો ચાંદલો પાછો આવતો નથી. આવું 5-7 વાર થાય પછી તો કોઈને ત્યાં લગ્નમાં જતા પહેલાં કાયમ આવો ફફડાટ રહે કે હમણાં કોઈનો ફોન આવશે કે ‘જરા ચાંદલો લખાવી દેજો ને.’

**ચાંદલા પ્રથાની સાથોસાથ બીજા દ્વારા ચાંદલો લખાવવાનો કુરિવાજ પણ વહેલી તકે નાબૂદ કરવો જોઈએ. તો બીજા ઘણા ચાંદલાથી દાઝતા બચી જાય કારણ કે ચંદ્ર પર ગયેલું મંગળયાન પાછું આવી શકે છે પણ બીજા વતી લખાવેલો ચાંદલો પાછો આવતો નથી**

આવા ઉસ્તાદોની કરામત કરોળિયાના જાળા જેવી હોય છે. ગમે તેટલી કોશિશ કરીએ છતાં તેમાંથી છટકી શકતા નથી. આવી દુર્ઘટનાઓથી કંટાળીને એક વાર તો એક સજ્જને મને એમના વતી ચાંદલો લખાવવાનું કહ્યું તો મેં જવાબ આપ્યો કે ‘‘હું દીપકભાઈના દીકરાના લગ્નમાં નથી પણ પરબતના બાપા ગુજરી ગયા છે તેથી સ્મશાને છું.’’ આ સાંભળીને તેઓ ખુશ થતા હોય એમ બોલ્યા, ‘‘ઓહોહો તો તો કામ થઈ ગયું!’’

મેં કહ્યું, ‘‘એટલે!?’’ પરબતબાપા ગુજરી ગયા તે કામ થઇ ગયું!”ના ના એવું નથી પણ ઘણા દિવસથી મારે વીમા પોલિસીનું પ્રીમિયમ ભરવાનું હતું પણ મારા એજન્ટ મળતા જ નથી. તેઓ ત્યાં સ્મશાને ચોક્કસ હશે જ! મેં પૂછ્યું, ‘‘શું તેઓ પરબતના સગા થાય છે?’’

‘‘ના ના સગા નથી થતા એ તો વીમા એજન્ટ છે એટલે શક્ય એટલી વધુ ને વધુ સ્મશાનયાત્રા કવર કરે છે. આ રીતે સ્મશાનમાંથી જ વીમા પોલીસી મેળવીને તેઓ ત્રણ વાર ‘કરોડપતિ વીમા એજન્ટ’ બની ચૂક્યા છે કારણકે સ્મશાનમાં લોકો પોતાની નજર સામે દેવ થઈ ગયેલા મનુષ્યોને જુએ એટલે ‘કાલ કોણે દીઠી છે’ ના ધોરણે તરત જ જીવનવીમો લઈ લે છે. અમારા વીમા એજન્ટ ચિત્રગુપ્ત ચોપડાવાળા ત્યાં જ હશે એમને જરા મારું 1500 રૂપિયાનું પ્રીમિયમ આપી દેજો ને. પછી વળતા પાછા આવવાના હો તો મારા ઘેરથી પૈસા લેતા જજો. તેમના શબ્દો સાંભળીને આપણા પગ નીચેથી ધરતી ખસી જાય કારણ કે એમણે કહ્યું કે ‘‘જો તમે વળતા પાછા આવવાના હો તો!’’ બોલો આમાં કેમ કરીને એમનું પ્રીમિયમ ભરવું? પણ કરેલા કરમના બદલા દેવા તો પડે છે. એમ આવા સગાંસંબંધીના પ્રીમિયમ ભરવા પડે છે. જે લમણે લખાયા હોય તેને આપણે ભૂંસી શકતા નથી પણ આવા બીજાના લખાવેલા ચાંદલા, બીજા વતી ચૂકવેલાં નાણાં પાછાં ન આવે તો તેની સામે વીમો મળતો હોય તો અમારે સૌ પ્રથમ એ વીમા પોલિસી લેવી છે કારણ કે ઘણા માણસોના જીવનમાં હવે ‘પોલીસી’ જેવું કંઈ રહ્યું જ નથી.

**નબોલવામાં નવ ગુણ**

★ નટવર પંડયા

‘કોઈને આપવાના હોય તે નાણાં ભૂલી જવા અને કોઈ પાસેથી લેવાના હોય તે યાદ રાખવા’ તે સિસ્ટમ કેટલાક લોકોમાં ઈન બીલ્ટ હોય છે. આ રીતે બીજા વતી ચાંદલો લખાવ્યાને એક વર્ષ થઈ ગયું હોય અને એ સજ્જન(?) મળે અને આપણે તેને અથાક પરિશ્રમ કરી વિષયાભિમુખ કરીએ અને કહીએ કે ત્રિકમભાઈના દીકરાના લગ્નમાં મેં તમારા વતી રૂપિયા 1001નો ચાંદલો લખાવેલો.

‘‘હે..એ..એ.. ક્યા ત્રિકમભાઈ?’’ આવું સાંભળીને આપણી રહીસહી આશા પર નિરાશાના સુનામી મોજા ફરી વળે છતાં આપણે કહીએ કે ‘‘ત્રિકમભાઈ તાડપત્રીવાળાના દીકરા મેઘના લગ્નમાં’’ આપણી વાત સાંભળીને તેઓ ખગોળવિદની જેમ આકાશ સામે એકીટશે તાકી રહે. આપણને થાય કે એમને છીંક આવતી હશે. કહેવાય છે કે છીંક એ અપશુકનની નિશાની છે. જો કે આપણને તો તે મુરબ્બી આખેઆખા અપશુકનિયાળ લાગતા હોય છે.

તેના લિસ્ટમાં આપણે એક જ નથી હોતા. તેઓ આવા તીર ઘણાને મારતા હોય છે. તેમાં લાગે તો તીર નહીં તો તુક્કો! એણે તો કાંઈ ગુમાવવાનું છે નહીં! આપણી વાત હવામાં જ લટકતી હોય ત્યાં જ તેઓ ફોન કરીને બીજાને કહેવા લાગે કે ‘‘તમે દુષ્યંતભાઈના બાબાના બર્થ ડે માં છો તો મારું એક નાનકડું કામ કરશો?’’ દુષ્યંતભાઈના બાબાને મારા વતી 501 રૂપિયા ગિફ્ટમાં આપી દેજો ને પછી હું તમને સાંજે પૈસા પહોંચાડું છું.’’ પણ કઈ સાંજ? એ ચોખવટ ન કરે. આપણે ગાતા રહીએ. વો શામ કુછ અજીબથી, યે શામ ભી અજીબ હે ફરીથી આપણે એમને ચાંદલો યાદ અપાવીએ એટલે તે કહે, ‘‘કંઈ યાદ આવતું નથી પણ તમે કંઈ ખોટું તો નહીં જ કહેતા હો. પણ અત્યારે મારી પાસે 5000 રૂપિયા છે પણ મારા મિત્રના દાદા બીમાર છે એટલે તેને આપવાના છે. એક કામ કરો કાલે આવીને હું તમારે ઘેર પૈસા પહોંચાડી દઈશ.’’ આમ કહી તેઓ આપણને ખાલી હાથે ઘેર પહોંચાડી દે ત્યારે ખ્યાલ આવે કે આપણે જેને આપણી સંપત્તિ, આપણા નાણાં માનીએ છીએ તે ખરેખર આપણા નથી. આ તો ખેડે તેનું ખેતર અને વાપરે તેનાં નાણાં અથવા ‘બૂચ મારે તેનાં નાણાં’

## ગરમાગરમ

દિવાળી અને નવા વર્ષની વચ્ચે એક દિવસ ખાલી આવે છે તેને કાઠિયાવાડમાં ‘ધોકો’ કહે છે. અમારું માનવું છે કે આખું વર્ષ ઉઘરાણીના વાયદા આપ્યા પછી દેવાદારે છેલ્લી મુદત દિવાળીની આપી હોય અને દિવાળીએ પણ પૈસા ન આપે તો તેના પછીનો દિવસ તેને ‘ધોકા નાખવાનો ગણાતો હશે’ એટલે તેને ‘ધોકો’ કહેવામાં આવતો હશે.